પ્રથમ અપીલ અરજી નં. ૦૧
તા. ૦૪/૦૧/૨૦૨૨

અરજદાર :– શ્રી તલ્હાં ચાંદીવાલા

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને સ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર

વિષય :– પ્રથમ અપીલ નં.૦૧, તા. ૦૪/૦૧/૨૦૨૨(મુળ અપીલ અરજી તા.૨૬/૧૧/૨૧)

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ. એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૧૮૩૨, તા.૦૫/૧૦/૨૦૨૧ ની માહિતી માંગતી અરજી

(૨) જે અત્રેના વિભાગને વેકસીનેશન બ્રાંચ મારફત તબદીલ થઈ સીએમએસ/ઈનવર્ડ નં.૧૩૫૬ તા.૧૧/૧૦/૨૦૨૧, સો.વે.મે./આરોગ્ય વિભાગ મારફત તબદીલ થઈ સીએમએસ/ઈનવર્ડ નં.૧૩૮૪ તા.૧૩/૧૦/૨૦૨૧ અને મધ્યસ્થ કચેરી મારફત તબદીલ થઈ સીએમએસ/ઈનવર્ડ નં.૧૩૮૪ તા.૧૩/૧૦/૨૦૨૧ થી નોંધાયેલ છે.

(૩) અત્રેથી અરજદારને રેકર્ડ નિરીક્ષણ કરવા માટે પાઠવવામાં આવેલ પત્ર નં. સીએમએસ/આઉટ નં.૩૩૧૩ તા.૧૪/૧૦/૨૦૨૧ અને પત્ર નં. સીએમએસ/આઉટ નં.૩૩૬૫ તા.૨૫/૧૦/૨૦૨૧

(૪) અરજદારશ્રી દ્વારા રેકર્ડ નિરીક્ષણ કર્યા તા.૨૫/૧૦/૨૦૨૧ અને તા.૩૦/૧૦/૨૦૨૧

(૫) અરજદારની મુળ પ્રથમ અપીલ અરજી નં.૦૧, તા.૨૬/૧૧/૨૦૨૧ (જે અત્રેના વિભાગને આરોગ્ય વિભાગ મારફત તબદીલ થઈ સીએમએસ/ઈનવર્ડ નં. ૧૮૮૧ તા.૦૪/૦૧/૨૦૨૨ થી નોંધાયેલ છે.)

(૬) અરજદારને પ્રથમ અપીલ અરજી સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતનો પત્ર સીએમએસ/આઉટ નં.૪૪૩૮, તા.૨૪/૦૧/૨૦૨૨

**અરજદારની હકીકત :–**

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી અત્રેનાં સેન્ટ્રલ મેડીકલ સ્ટોર ખાતે સંદર્ભ (૨) હેઠળના જુદા–જુદા વિભાગોથી તબદીલ થઈ પ્રાપ્ત થયેલ છે. જે અત્રે આઈ.ડી.નં.૯ થી નોંધાયેલ છે. મુળ માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં.(૧) થી (૩) પૈકી અત્રે લાગુ પડતી મુદા નં.૧ અન્વયે "સુરત મનપા સ્થા.સ.મ્યુનિ.ક.શ્રીનો પત્ર તા.૨૦/૦૭/૨૧ કોરોના વાયરસની પેન્ડેમીક પરિસ્થિતિને આધીન સેન્ટ્રલ મેડીકલ સ્ટોર દ્વારા દરખાસ્તમાં જણાવેલ સંદર્ભ ૧ થી ૩ હેઠળ મળેલ સતાની રૂએ મ્યુનિ.ક.શ્રીની મંજુરીથી દરખાસ્તના પરિશિષ્ટ ૧ ના પત્રક–બમાં જણાવેલ કુલ ૩૮ કામો કરાવતા કુલ રૂા.૨૦,૭૬,૦૨,૨૬૧/–તેમજ પરિશિષ્ટ ૨ ના પત્રક–બમાં જણાવેલ કુલ ૩ કામો કરાવતા કુલ રૂા.૨૯૮૪૪૩૦/–ના થયેલા ખર્ચની વિગતવાર માહિતી,બીલ,પત્રક– બની નકલો, ટેન્ડરની અનિયમીતતા બાબતની નિર્ણયની નકલો,બીલના પ્રમાણપત્રોની નકલો આપવા અને આરટીઆઈ એકટ મુજબ ઓરીજનલ ફાઈલ નિરીક્ષણ માટે સમય ફાળવી આપવા જણાવેલ." જે અન્વયે જા.મા.અધિકારી અને સ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર દ્વારા સંદર્ભ–(૩) હેઠળના જુદા–જુદા પત્રોથી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં રેકર્ડ નિરીક્ષણ કરવા માટે સમય અને તારીખ ફાળવવામાં આવેલ. જે રેકર્ડ નિરીક્ષણ અરજદારશ્રી દ્વારા સંદર્ભ – (૪)મા જણાવેલ તારીખો દરમ્યાન કરવામાં આવેલ જેમા અરજદારશ્રી દ્વારા ફોટોગ્રાફી પણ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદારશ્રીની સંદર્ભ (૫) હેઠળની પ્રથમ અપીલ અરજી અત્રે આરોગ્ય અધિકારીશ્રી અને અપીલ અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ મારફત તબદીલ થઈ સીએમએસ/ઈનવર્ડ નં.૧૮૮૧ તા.૦૪/૦૧/૨૦૨૨ થી નોંધાયેલ છે.

પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રીની રૂબરૂમાં મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૬) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ સદર તારીખે અરજદારશ્રી રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતા અને તેઓ તરફથી રૂબરૂ સુનાવણીનાં પત્ર સંદર્ભે ગેરહાજર રહેવા સબબ કોઈ લેખિત રજુઆત પણ કરવામાં આવેલ નથી. જેમાં જા.મા.અધિકારી અને

સ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૦૫/૧૦/૨૦૨૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૦૨/૦૨/૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહ્યા નથી તેમજ જા.મા.અધિકારી અને સ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર દ્વારા અરજદારશ્રીને ફોટોગ્રાફી સહિત રેકર્ડ નિરીક્ષણ કરાવવામાં આવેલ છે. જેથી અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

સે.મે.સ્ટોર/આર.ટી.આઈ./
તા. /૦૨/૨૦૨૨

( બી. સી. ખુંટ )
પ્રથમ અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફીસર
સેન્ટ્રલ મેડીકલ સ્ટોર

ન.સા.રવાના : આરોગ્ય અધિકારીશ્રી અને અપીલ અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ પ્રતિ,....... જાણ માટે.
ન.સ.ર. : નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ,....... જાણ માટે.
ન.રવાના : શ્રી તલ્હાં ચાંદીવાલા,
ન.રવાના : જાહેર માહિતી અધિકારી અનેસ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર પ્રતિ.... જાણ તથા તાકીદે અમલ સારૂ.